ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

નંદુરબાર-નવાપુરમાં બર્ડફ્લૂના કેસથી ડભોઈનું તંત્ર સતર્ક

બર્ડફ્લૂની દહેશત: ડભોઈમાં નોનવેજનું વેચાણ ઘટ્યું

મહારાષ્ટ્રમાં બર્ડફ્લૂનો કહેર: ડભોઈના ચિકન-ઈંડાના શોખીનોમાં ફફડાટ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.૯

મહારાષ્ટ્ર ના નંદુરબાર અને નવાપુર માં બર્ડફ્લૂ ના કેસ નોંધાયા છે.ત્યારે મહારાષ્ટ્ર થી જ ડભોઇ માં પણ પોલ્ટ્રી મરઘીઓ અને ઈંડાનો જથ્થો આવતો હોવાથી મરઘી,ઈંડા ખાતા લોકો માં બર્ડફ્લૂ ને લઈ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

મહારાષ્ટ્ર ના નંદુરબાર જિલ્લા માં અને નવાપુર માં બર્ડ ફ્લૂ ના કેસ નોંધાવા પામ્યા છે. આગ ઝરતી ગરમી માં ટપોટપ મરઘીઓ મરી રહી

છે. સાવચેતી ના ભાગરૂપે ગુજરાત ના તાપી જિલ્લા સહિત મહારાષ્ટ્ર ની બોર્ડર સીલ કરી દેવાઈ છે. તેમજ બે લાખ થી વધુ મરઘીઓ અને આઠ લાખ થી વધુ ઈંડાનો પણ નાશ કરાયો હોવાનું જાણવા મળેલ છે. ત્યારે ડભોઇ માં આવેલ પોલ્ટ્રી ફાર્મ, ચિકન ની દુકાનો,ચિકન,આમલેટ ઈંડા નું વેચાણ કરતી ખુલ્લી લારીઓ સહિત મા આરોગ્ય ની તપાસ જરૂરી બની છે. બર્ડફ્લૂ ના રોગ ને લઈ ડભોઇ ના લોકો માં પણ ફફડાટ ફેલાયો છે. કારણ કે નગર માં ઠેરઠેર નોનવેજ ની લારીઓ હોવાથી પરિસ્થિતિ વખતે તો કાબુ કરવો મુશ્કેલ થવાની ચિંતા સતાવી રહી છે. જો કે આખા ગુજરાત માં બર્ડફ્લૂ નો એક પણ કેસ નોંધાયેલ ના હોવાથી તંત્ર એ હાશકારો લીધો છે. પરંતુ ચિકન ના શોખીનોએ પણ હાલ તો સાવચેતીના ભાગરૂપે ચિકન,ઈંડા ખાવાનું જ બંધ કરી દીધું છે. પરિસ્થિતિ થાળે પડ્યા બાદ જ ચિકન ની દુકાનો પર શોખીન લોકો ની ભીડ દેખાય તો નવાઈ નહીં. હાલ તો ગ્રાહકોની સંખ્યા ઘટી જતા હવે ભાવ પણ ગગડી જવાની સંભાવના વેપારીઓ ને સતાવી રહી છે. બીજી બાજુ તંત્ર એ હજુ સુધી ડભોઇ માં કોઈપણ જાત તપાસ કામગીરી પણ ના કરતા આશ્ચર્ય વ્યાપી જવા પામ્યું છે.

ગુજરાતમાં અત્યાર સુધી બર્ડફ્લૂનો કેસ નોંધાયો નથી

ગુજરાતને અડીને આવેલા મહારાષ્ટ્રના નવાપુર અને નંદુરબાર જિલ્લામાં પોલ્ટ્રી ફાર્મમાં બર્ડફ્લૂ ના કેસ જોવા મળ્યા છે. જેથી વલસાડ, તાપી, સુરત જિલ્લાનું આરોગ્ય અને વહીવટી તંત્ર સાબદુ બની ગયું છે. જો કે તપાસમાં શંકાસ્પદ મરઘીઓ અને ઈંડાના જથ્થાનો નાશ કરાયો હોવાનું જાણવા મળેલ છે. છતાં આખા ગુજરાતમાં બર્ડફ્લૂ સામે સાવચેતી માટે ના તંત્ર ને સૂચનો કરાયા હોવાનું જાણવા મળેલ છે.

પાદરામાં LCBની રેડ લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.૯

વડોદરા ગ્રામ્ય એલ.સી.બી. પોલીસને મળેલી બાતમીના આધારે પાદરા નગરમાં પાતળીયા હનુમાન રોડ ઉપર આવેલ સર્વોદય સોસાયટી નં-૧ સામે બાતમી આધારે રેડ કાર્યવાહી હાથ ધરતા બિનવારસી કાર માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ એલ.સી.બી. ના મુકેશભાઈ પાંચાભાઈ તથા હરેશભાઈ અમરૂભાઈ તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા દરમિયાન બાતમી મળી હતી કે સફેદ રંગની મારૂતી સુઝુકી બલેનો કાર માં વિદેશી દારૂનો જથ્થો ભરેલો છે અને ગાડી પાદરા વિસ્તારમાં પાર્ક કરાયેલ છે.

બાતમીના આધારે પોલીસે

સ્થળ પર રેડ કરતા કાર બિનવારસી હાલતમાં મળી આવી હતી. તપાસ દરમિયાન કારમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના કુલ ૬૧૨ નંગ ક્વાર્ટર, બિયર ટીન તથા બોટલો મળી કુલ દારૂની કિંમત રૂપિયા ૨,૯૮,૫૬૦ નો જપ્ત કર્યો હતો.

આ ઉપરાંત એલસીબી પોલીસ દ્વારા બલેનો કાર કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦ તથા અન્ય કાગળો મળી કુલ રૂપિયા ૫,૪૮,૫૬૦ નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. જોકે રેડ દરમિયાન કારનો ચાલક સ્થળ પરથી મળી આવ્યો નહોતો.

બોડેલી હરીફાઈ માર્કેટમાં દુકાનમાં લાગી આગ : કોઈ જાનહાની નહીં

(પ્રતિનિધિ) બોડેલી, તા.૯

બોડેલીના હરીફાઈ માર્કેટમાં આવેલી એક દુકાનમાં રાત્રિના સમયે આગ લાગી હતી. સ્થાનિક લોકો અને ફાયર બ્રિગેડની ટીમે સમયસર પહોંચી આગને કાબૂમાં લીધી હતી. સમગ્ર ઘટના સ્થળે ટૂંક જ સમયમાં એકત્રિત થયા હતા આગ લાગવાની ઘટના હરીફાઈ માર્કેટમાં આવેલી 'મહાવીર સોઈંગ મશીન' નામની દુકાનમાં બની હતી. આગ લાગતા જ આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. દુકાનની નજીકમાં ચાલી રહેલા એક પ્રસંગમાંથી મુસ્લિમ યુવકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે આગમાંથી દુકાનનો અમુક માલસામાન બચાવવામાં મદદ કરી હતી. આ ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

સાવલીમાં બેન્ક ઓફ બરોડા પાસે વીજ લાઈનમાં ભીષણ આગ

MGVCLની ટીમે ઘટનાસ્થળે પહોંચી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૯

સાવલી નગરમાં મોડી સાંજે બેન્ક ઓફ બરોડા નજીક પસાર થતા વીજ વાયરોમાં અચાનક શોર્ટ સર્કિટના કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગની આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને સાવલી નગરના મોટાભાગના વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, સાવલી નગરના મુખ્ય માર્ગ પર આવેલી બેન્ક ઓફ બરોડાની પાસેના વીજ થાંભલા પરથી પસાર થતા હાઈટેન્શન વાયરોમાં અચાનક તણખા ઝર્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. વીજ વાયરો સળગવા લાગતા આસપાસના રહીશો અને દુકાનદારોમાં ફાળ પડી હતી. આગની જ્વાળાઓ જોઈને લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક ધોરણે વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો, જેના કારણે નગરના અનેક રહેણાંક અને વ્યાપારિક વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) ના ઉચ્ચ અધિકારીઓ અને ટેકનિકલ સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વીજ લાઈનમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યા બાદ તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ છે. વીજ પુરવઠો સુરક્ષિત રીતે પુનઃસ્થાપિત કરવા માટે લાઈનોનું ચેકિંગ હાથ ધરાયું હતું.

ભરચક વિસ્તારમાં લાગેલી આ આગને કારણે સ્થાનિક રહીશોમાં ગભરાટ ફેલાયો હતો.

ટેકનિકલ સર્વેલન્સથી બોડેલી પોલીસને મોટી સફળતા

અપહરણ અને પોક્સોના ગુનામાં 3 વર્ષથી ફરાર આરોપી ઝબ્બે

(પ્રતિનિધિ) બોડેલી, તા.૯

બોડેલી હર્ષ શર્મા મદદનીશ પોલીસ અધિક્ષક, બોડેલી ડિવીઝન નાઓએ ઉપરી અધિકારીઓની સુચનાઓ મુજબ અસરકારક કામગીરી કરવા સચના માર્ગદર્શન આપી મોનીટરીંગ રાખવામાં આવેલ હોય જે આધારે પી.એસ. બરંડા પોલીસ ઈન્સ્પેક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓને તાબાના પોલીસ માણસોને કામગીરી કરવા સચના આપવામા આવેલ જે અનુસંધાને બોડેલી પોલીસ સ્ટેશન ઈ.પી.કો. કલમ. ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન)(3) તથા પોકસો કલમ.૪,૬, મુજબનો

ગુનો દાખલ થયેલ હોય જે ગુનાનો આરોપી ભોગબનનાર સાથે છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો હોય જેથી ગુનાસબંધી જરૂરી માહિતી એકત્રીત કરી ટેકનીકલ અને હ્યુમન ઈન્ટેલીજન્સ નો ઉપયોગ કરી તાબાના પોલીસ માણસોની એક ટીમ બનાવી ઉપરોકત ગુનાના ભોગબનનાર તથા તેનું અપહરણ કરનાર આરોપીને પકડી પાડવામાં સફળતા મળેલ છે અને આરોપી વિરૂધ્ધ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

શિનોરના યુવાનોએ બજાવ્યું સામાજિક ઉત્તરદાયિત્વ

શિનોર: ધોબી ફળિયા પાછળ કોતરમાં ભીષણ આગ, યુવાનોએ બુઝાવી આગ

(પ્રતિનિધિ) શિનોર, તા.૯

શિનોરના ધોબી ફળીયાની પાછળ કોતરમાં અચાનક આગ લાગતા ગભરાટ ફેલાયો હતો. જો કે ફળીયા ના અને ગામના યુવાનો આવી જઈ આગ ઉપર કાબુ લેતા કોઈ જાણહાની કે મોટુ નુકસાન થયેલ નથી.

શિનોર મેન બજાર પાસે ધોબી ફળિયું આવેલ છે. ફળીયા ની પાછળ ના ભાગે કોતર આવેલ છે. અને કોતર ને અડીને જા રેહાનાક વિસ્તાર હોય મકાનો આવેલ છે. ધોબી ફળિયામાં રેહતા મુનીરભાઈ સોમારા નુ મકાન કોતર ને અડીને છે. મુનીરભાઈ જલાઉ લાકડા નો વેચવા નો ધંધો કરતા હોય તેમના વાડા

મા લાકડા નો જથ્થો પડેલ હતો. આ જથ્થા મા અચાનક બપોરે 3 વાગ્યા ના અરશામાં આગ લાગી હતી. હાલ મા ઉનાળા ના ધખ ધખતો તાપ પડે છે. ત્યારે આ અચાનક લાગેલી આગે ભયાનક રૂપ લીધું હતું.

ફળીયા મા રેહતા લોકો ને આગ ની જાણ થતા બુમાબુમ મચી ગઈ હતી. અને નજીક બજાર મા પણ ખબર પડતા યુવાનો દોડી આવ્યા હતા. પંચાયત નુ વારીગૃહ નુ પાણી અને નજીક મા આવેલ ગોસિયા હોલ ના બોર નુ પાણી ચાલુ કરી પાઇપ વડે છંટકાવ કરી સતત એકાદ કલાક સુધી પાણી નો મારો ચલાવતા આગ કાબુ મા લીધી હતી. જો સમયસર આગ પર કાબુ ના લીધો હોત તો મુનીરભાઈ નુ મકાન પણ આગ ના લપેટા મા આવી ગયું હોત.

છોટાઉદેપુર: AAPપ્રમુખ રાધિકા રાઠવા વિરુદ્ધ પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.૯

છોટાઉદેપુર જિલ્લામાં આમઆદમી પાર્ટીના પ્રમુખ રાધિકા રાઠવાએ સોશિયલ મીડિયામાં પોલીસ વિરુદ્ધ આક્ષેપો કરતો વિડિઓ મૂકતા બોડેલી પોલીસ સ્ટેશનના સબ ઇન્સ્પેક્ટરે બોડેલી પોલીસ સ્ટેશનમાં રાધિકા રાઠવા વિરુદ્ધ પોલીસને બદનામ કરવાનો પ્રયાસની ફરિયાદ નોંધાવતા રાજકારણમાં ખળભળાટ.

છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા અને તાલુકા પંચાયત ની ચૂંટણીઓ પૂરી થતાની સાથેજ રાજકારણ ગરમાયું હતું આમઆદમી પાર્ટી ના જિલ્લા પ્રમુખ રાધિકા રાઠવા એ સોશિયલ મીડિયા માં એક વીડિયો મૂક્યો હતો જેમાં તેઓએ આક્ષેપ કર્યો હતો કે અમારા ચૂંટાયેલા સદસ્યો ને ફોડવા માટે પોલીસ ના માણસો ચૂંટાયેલા સદસ્ય ના ઘરે જાય છે અને ધમકાવે છે જેને લઈને પોલીસ ગેર કાયદેસર પ્રવુતિ કરે છે ચૂંટાયેલા સદસ્યો ને દબાવવાનો પ્રયાસ કરે છે જેને લઈને બોડેલી પોલીસ મથક ના જે વી પગી પોલીસ સબ ઈસ્પેક્ટર બોડેલી પોલીસ સ્ટેશન માં રાધિકા રાઠવા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. અને જેમાં પોલીસે વીડિયો માં રાધિકા રાઠવા પોલીસ વિરુદ્ધ ખોટી માહિતી આપી રહી છે. અને પોલીસ સત્તા નો દૂર ઉપયોગ કરે છે તે પણ ખોટી માહિતી પૂરી પાડી રહી છે. પોલીસ ની છબી ખરડાઈ અને પોલીસ બદનામ થાય તેવા શબ્દો વિડિઓ માં બોલીને સોશિયલ મીડિયા માં મૂકી ને પોલીસ ની છબી ને ખરીદવાનો પ્રયાસ કર્યો છે જે ની પોલીસ ફરિયાદ નોંધાતા રાજકારણ માં ખળભળાટ મચી ગયો છે.

છોટાઉદેપુર ICDS કચેરીમાં તંત્રની ઘોર બેદરકારી

ઓફિસમાં ટાઈલ્સ ઊખડી જતાં અરજદારો માટે અકસ્માતનું જોખમ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.૯

છોટાઉદેપુર જિલ્લા સેવા સદન ખાતે આવેલી આઈ.સી.ડી.એસ. (Integrated Child Development Services) કચેરી હાલમાં તંત્રની ઉદાસીનતાનો નમૂનો બની ગઈ છે. કચેરીના મુખ્ય પ્રવેશદ્વાર પાસેના પ્રથમ રૂમમાં જ ફ્લોરિંગની ટાઈલ્સ મોટા પ્રમાણમાં ઊખડી જતાં ઓફિસમાં જ ખાડા જેવી સ્થિતિ સર્જાઈ છે. આ અવ્યવસ્થાને કારણે ઓફિસમાં આવતા મુલાકાતીઓ અને કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આઈ.સી.ડી.એસ. કચેરીમાં રોજના સરેરાશ ૫૦ થી

૬૦ જેટલા લોકો વહીવટી કામકાજ માટે આવે છે. જેમાં મુખ્યત્વે જિલ્લાની વિવિધ આંગણવાડીની બહેનો, તેડાગર કાર્યકર્તાઓ અને સામાન્ય અરજદારોનો સમાવેશ થાય છે. ઓફિસના રૂમમાં ટાઈલ્સ ઊખડીને વેરવિખેર થઈ ગઈ હોવાથી ચાલવાની પણ જગ્યા રહી નથી. ઊખડેલી ધારદાર ટાઈલ્સ અને ફ્લોરિંગમાં પડેલા ખાડાઓને કારણે કોઈ પણ વ્યક્તિ લપસી શકે છે અથવા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ શકે તેવી ભીતિ સેવાઈ રહી છે.

સરકાર દ્વારા બાળ વિકાસ અને મહિલા કલ્યાણની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ જે ઓફિસમાંથી આ યોજનાઓનું સંચાલન થાય છે, તેની જ હાલત અત્યંત દયનીય છે. ઓફિસમાં આવતી મહિલાઓને અંધારામાં કે ઉતાવળમાં આ ખાડાઓ ન દેખાય તો મોટા અકસ્માતની પૂરેપૂરી શક્યતા છે. કચેરીના કર્મચારીઓ પણ આ અસુવિધા વચ્ચે કામ કરવા મજબૂર બન્યા છે. સ્થાનિકોની ઉગ્ર માંગકચેરીમાં આવતા મુલાકાતીઓ અને આંગણવાડી કાર્યકરોએ આક્ષેપ કર્યો છે કે, લાંબા સમયથી આ સ્થિતિ હોવા છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા મરામતની કોઈ તસ્દી લેવામાં આવી નથી. શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે? તેવો વેધક સવાલ લોકો ઉઠાવી રહ્યા છે.

દેવનદીમાં મગરના હુમલાનો ભોગ બનનાર યુવકનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.૯

વાઘોડિયા તાલુકાના દેવકાંઠા વિસ્તારમાં આવેલા વ્યારા ગામના કાગડીપુરા ગામે રહેતા મિથુન મહેશભાઈ વસાવા(૨૨) યુવકને દેવનદી માં ગઈ કાલે મગર ખેંચી ગયા બાદ આજે સવારે તેનો મૃતદેહ સામે કાંઠે ફાલોડની બોટ પાસે કિનારે પાણી બહાર માથું બહાર જોતા સ્થાનિક નાવિકોએ મૃતકને સાવધાની સાથે નાવની મદદથી બહાર કાઢ્યો હતો. ગઈ કાલે બપોરે કાળજાળ ગરમીમાં પશુધન ચરવતાર યુવકને અસહ્ય તરસ લાગતા પાસે વહેતી દેવનદીમાં પાણી ભરવા ઉતાર્યા હતો. જ્યાં પાણીની સપાટી નીચે ઘાત લગાવી નરભક્ષી મગરે અચિંતો હુમલો કરી યુવકને જડબામાં દબોચી લીધો હતો. અન્ય પશુ ચરાવતા લોકોએ મગરના જડબામાં મિથુનનો મૃતદેહ જોતા બૂમાબૂમ કરી મદદ માંગી

હતી. મગર નદીમાં યુવકને લઈ બે કલાક સુધી લટાર મારતો રહ્યો હતો. વનવિભાગ અને મામલતદારને જાણકારી આપ્યા બાદ વડોદરા ફાયર વિભાગે બોટ વડે યુવકને શોધવાના પ્રયાસ કરવા છતાં મગર યુવકને લઈ પાણીની નીચે ચાલ્યો જતો હતો. આખરે રાત પડતા કામગીરી સ્થગિત કરાઈ હતી. આજે સવારે તેનો મૃતદેહ મળી આવતા ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ ને પોસ્ટમોર્ટમ અર્થે જરોદ હોસ્પિટલ ખાતે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૬૦

વ્યવસાયીક ધંધાકીય

વુલન સ્વેટર, રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

ઘરબેઠા તાત્કાલિક LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

કમ્પલીટ ફાર્મહાઉસ કાંટાતાર ફેન્સીગ દરવાજો રેઝર કોઈલ ફિટિંગ RCC દિવાલ આંબા, ચીકુ નારેળેરી ગાર્ડન ડેવલપ ખાતરીપૂર્વક કરી આપીશું. 9924337821 (80)

નવકાર વોટર પ્રુફિંગ 25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (84)

CM PEST CONTROL લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

ઓફર ઓફર હાર્ડવેર, ટૂલ્સ, નટ- બોલ્ટ, પ્લાસ્ટિક તારપાઉલીન, G, I, M, S પાઈપ ફિટિંગ, ગ્રીન નેટ, કાથાદોરી, ફાઉન્ડેશન બોલ્ટ, ફિક્સ અને રિંગ પાના, લોખંડ ના હેવી રેક અને ઘોડા તેમજ બિલ્ડિંગ મટીરિયલ સંબંધિત તમામ સામાન મેક્સિમમ ડિસ્કાઉન્ટ માં આપવાનો છે 7990712433

PRESIDENT PEST CONTROL 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ઉંઝશિવ ટ્રાવેલ્સ 15- મેં, અધિકમાં (હરિદ્વાર, મથુરા, વૃંદાવન, બરસાણા, જયપુર) (કાશી વિશ્વનાથ, અયોધ્યા, પ્રયાગરાજ, ચિત્રકુટ) 13, 20, 27, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 21, 28, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

KRUPA ENTERPRISE
તમારાં ઘરને બનાવો વોટરપ્રુફ, વોટરપ્રુફીંગ, -ચાઇના મોઝિક, રૂટા વોટર પ્રુફીંગ, ભેજ ટ્રિટમેન્ટ, કલર કામ, ટાઇલ્સનાં કામ કરી આપવામાં આવશે.
સંપર્ક :- જયદિપ રાવલ
+91 97145 30031
+91 99139 23462

ચાલો પવિત્ર અધિક મહિનામા હરીદ્વાર, ગંગા સ્નાન સાથે ખાટું શ્યામ, વૃંદાવન, મથુરા તથા અન્ય દિન- ૮, મો. 9726132466 (82)

નોકરી વિષયક

ઉઘરાણીનાં કામ માટે માણસની જરૂર હોય તો કહેજો બાઈક છે. 8488968543

ટેલિ એકાઉન્ટનો ૫ વર્ષ અનુભવી ૧, અકાઉન્ટ મહિલા કર્મચારી ૧, માર્કેટિંગ સ્ટાફ ૧, મોબાઈલ ૯૯૧૩૭૧૫૫૫૯ Insulationsaone@gmail.com (85)

હાર્ડવેરની દુકાનમાં કામ કરવા માટે માણસની જરૂર છે Mo:- 9898063315

જોઈએ છે સ્કૂલબસ માટે ડ્રાઈવર-4, કંડકટર-3, ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204827

મિલ્કત વેચવાની છે

ભટાર રોડ 2 BHK ફ્લેટ વેચવાનો છે 9825088402, 9825919637

ભાડાની Fix આવક થાય તેવા રોકાણકાર માટે જોલી આર્કેડ, ઘોડ દોડ રોડ પર મોકાની દુકાન વેચવાની છે. 551 + 400 SqFeet ની Contact 9825522668

પ્લોટ વેચવાનો છે કીમ કુરસદ,નેશનલ હાઈવે 8 થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550- વાર, 9427811344, 9879913894

નાનપુરા વિસ્તારમાં એક રૂમ + રસોડું વેચવાનું છે 10.5 લાખમાં. લીફ્ટ છે ફોન કરીને આવવું ફોન નં 9909140690

વેચવાનું / ભાડે પણ આપવાનું છે નોવા રેસ્ટોરન્ટ ની ઉપર પહેલા માળે પરવત પાટીયામા 2150 સ્કેવર ફૂટ જગ્યા ભાડે અથવા વેચવાની છે. પાર્કીંગ 2 વ્હીલર, વોશરૂમ, ઈલેક્ટ્રીસીટી પાણીની પાઈપલાઈન જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે ભવિષ્યમા ફાયદા- મેટ્રો સ્ટેશન પગપાળા, બેંક ઓફીસ, રેસ્ટોરન્ટ, શોરૂમ માટે ઉત્તમ- વધુ ડીટેલ માટે સંપર્ક કરો. JD રીયલ સ્ટેટ બ્રોકર દુકાન નં ૩૦૩, સંસ્કૃતિ એસી. માર્કેટ પુણા પાટીયા, પર્વત ખાડી સુરત મો. 8733012363

NA પ્લોટ વેચવાનો છે સાંધીયેર ગામ રોડટચ, 110x14, 171 વાર (દલાલ આવકાર્ય) 9274918978

(1) કબજા સહીત મિલકત વેચવાની છે. ઉધના-મગદલ્લા રોડની સોસા. માં G+ 1.5 માળ. (2) મેઈન રોડ ટચ 3 BHK નો ફ્લેટ વેચવાનો છે. ઘોડદોડ રોડ 9033528110 (81)

દુકાન વેચવાની અડાજણમાં ટોપ લોકેશન રનીંગ ધંધો બેઠેબેઠુ સેટઅપ બે લાખ માસીક આવકવાળી 91576-22115

મિલ્કત ભાડેથી

ભાડે આપવાનું છે (1) ફ્લેટ 804, શુભમ-2 સરગમ શોપિંગ સેન્ટર પાછળ 2000 Sq.Ft., (2)બંગલો ફૂલ્લી ફર્નિશ્ડ 4 BHK 10, સારથી બંગલો, રાજહંસ સિનેમા પાછળ, પિપલોદ (3) સેમી ફર્નિશ્ડ ઓફિસ 504/ સી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, રિંગરોડ સુરત. મળો 9925039398 (83)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.